# સરદાર વલ્લભભાઇ પટેલ અને ખેડા સત્યાગ્રહમાં તેમનું પ્રદાન

રેણુકાબેન રણછોડભાઈ ચૌધરી
પી.એચ.ડી. સ્કોલર, હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## ૧. સરદાર વલ્લભભાઈનો જન્મ, બાળપણ અને અભ્યાસ

સરદાર સાહેબના જીવનચરિત્રમાં દેશપ્રેમ, અપ્રતિમ અને સ્વાર્થરહિત સેવાભાવ, વિચક્ષણ બુદ્ધીશક્તિ તથા નીડરતાના ગુણો ડગલેને પગલે જોવા મળે છે. એમણે અનેક સત્યાગ્રહના મોરચાઓ ઉપર આગેવાની કરી લોકોનું ઘડતર કર્યું.

સરદાર વલ્લભભાઈ નો જન્મ ૩૧ ઓક્ટોમ્બર ૧૮૭૫ માં નડિયાદમાં થયો હતો. તેમનો ઉછેર ગુજરાતના કરમસદ ગામમાં થયેલ. તેઓ ઝવેરભાઈ અને લાડબા ના ચોથા પુત્ર હતા. સરદાર પટેલના પિતા રોજ ખેતરે લઇ જતા અને આવતા જતા રસ્તે ઘડિયા બોલાવતા અને જો પલાખા ગોખાવતા. વલ્લભભાઇને ઇસ ૧૮૮૨માં સાત વર્ષ ની ઉમરે શાળામાં બેસાડ્યા.

ઈ.સ.૧૮૯૩ માં અઢાર વર્ષની વયે વલ્લભભાઈનું લગ્ન થયું. તે વખતે પેટલાદની અંગ્રેજી સ્કુલમાં ચોથા ધોરણમાં હતા. તેમના પત્ની ઝવેરબા કરમસદની નજીક ગામમાં હતા. ૧૮૯૭માં વલ્લભભાઈએ મેટ્રીકની પરીક્ષા પાસ કરી હતી. વલ્લભભાઈ ઈંગ્લેન્ડ જઈ બેરિસ્ટર થઇ આવવાનો દઢ નિર્ધાર કર્યો હતો. વલ્લભભાઈ એ ઈંગ્લેન્ડ જતા પહેલા એમની સ્વભાવગત ચીવટથી ઘરની, છોકરાઓની અને સૌના ખર્ચની પાક્કી વ્યવસ્થા કરી લીધી હતી. આ બધું ગોઠવી વલ્લભભાઈ ઈંગ્લેન્ડ જવા માટે મુંબઈથી સ્ટીમરમાં બેઠા. લંડનમાં વકીલાતની કોલેજ ઇન્સ ઓફ કોર્ટ કહેવાતી. વલ્લભભાઈએ પોણા બે વર્ષમાં બેરિસ્ટર ની પદવી પ્રાપ્ત કરી હતી અને પચાસ પાઉન્ડનું ઈનામ પણ મેળવ્યુ.

બેરિસ્ટર થઇ ગયા પછી વલ્લભભાઈને એક દિવસ પણ ઈંગ્લેન્ડમાં રોકાવું નહતું. યુરોપના દેશો જોવા માટે દિવસો બગાડવા નહોતા. એ જ ગણતરીએ સ્ટીમરની ટીકીટ લઇ રાખી હતી. તેથી બીજે જ દિવસે એ ઈંગ્લેન્ડ છોડી મુંબઈમાં આવવા ઉપડ્યા અને ૧૩મી ફેબ્રુઆરી ઈ.સ.૧૯૧૩ ના રોજ મુંબઈ પહોચી ગયા.

## ૨. ખેડા સત્યાગ્રહ

ખેડા જીલ્લો સમૃદ્ધી, ફળદ્રુપતા અને સૌથી વિશેષ તેની ખમીરવંતી પ્રજાને કારણે સરકારની આંખે ચડેલો હતો. ખેડાની લડત વલ્લભભાઈ માટે સત્યાગ્રહની પહેલી તાલીમશાળા બની. આ પ્રશ્ન ખેડૂતોનો હતો. ઈ.સ.૧૯૧૭ ના ચોમાસામાં ખેડા જીલ્લામાં અતિશય વરસાદ પડ્યો. સરેરાશ ૩૦ ઈંચ પડે તેના બદલે ૭૦ ઈંચ પડ્યો. વાવેતર ધોવાઇ ગયું અને ઘાસચારો કહોવાઇ ગયો. અને નવેમ્બરમાં ખરીફ પાક નિષ્ફળ ગયો અને રવી પાકમાં ઉંદરનો અને રોગોનો ઉપદ્રવ થયો અને ખેડૂતોને તો વરસ માથે પડ્યું. ઈ.સ. ૧૯૧૭ માં ચાર આનાથી ઓછો પાક હતો એટલે મહેસુલ મુલતવી રાખવા ખેડૂતોએ સરકારને અરજીઓ કરવા માંડી. સરકારેતો 'કલેકટર આ વિષય પર ધ્યાન આપી રહ્યા છે' એમ જવાબ આપી દીધો.

તમામ તપાસનું પરિણામ એક જ આવ્યું કે પાક ચાર આનાથી ઓછો છે. પણ તલાટીઓ પોતાના ઉપરીઓને ખુશ કરવા ખોટા આંકડા મૂકી પાક વધુ બતાવતા હતા. એટલે સરકાર અને ખેડૂતો વચ્ચે પાકની આનાવારી વિશે બાર આની અને ચાર આની જેટલો મોટો મતભેદ હતો. સરકાર મહેસુલ વસુલ કરવા કટિબદ્ધ હતી.લડતના મૂળ આનાથી નંખાયા.

ગાંધીજીએ નડિયાદમાં કાર્યકરોની એક બેઠક બોલાવી. તપાસ માટે બધાએ થોડા થોડા ગામ વહેચી લીધા. વલ્લભભાઈએ બીજા ૩૦ ગામની તપાસ કરી. બધા કાર્યકરોએ અઠવાડિયામાં જીલ્લાના ૬૦૦ ગામો માંથી ૪૨૫ ગામનો અહેવાલ તૈયાર કર્યો અને અહેવાલ તારણ પણ એ જ હતું કે પાક ચાર આનાથી ઓછો છે. તો પણ સરકારે એક જ વાત પકડી રાખી કે તમારા આંકડા ખોટા છે. મહેસુલ ની વસુલાત મુલતવી રાખવાનું કોઈ કરણ નથી. હવે તલાટીઓએ જોર જુલમથી વસુલાત કરવા માંડી મામલતદારો મુખી તલાટીઓને જોર જુલમ કરવાનું ઉતેજન આપતા હતા એટલે ગાંધીજીએ ગવર્નરને પત્ર લખ્યો કે વસુલાત મુલતવી રખાવા માટે તો ગવર્નરે એવો જવાબ આપ્યો કે ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખી નિયમ અને ધોરણ મુજબ વર્તે છે. અને ગાંધીજીએ બીજી એક તક આપવા માટે કમિશનર પ્રેટને પત્ર લખી મહેસુલના બીજા હપ્તાની વસુલાત મુલતવી રાખવાની વિનંતી કરી તો પ્રેટે લખી દીધું એ શક્ય નથી. હવે લડત સિવાય બીજો રસ્તો રહ્યો નહિ. તો ગાંધીજીએ લડતનો પ્રારંભ કર્યો અને કહ્યું ખરીરીતે પાક થાય તેમાંથી વિઘોટી ભરવાની છે. પાક ન થયો હોય છતાં સરકાર દબાણ કરી વિઘોટી લે એ અસહ્ય છે. માટે મારી સલાહ છે કે આપણે સરકારને કહેવું જોઈએ કે અમે મહેસુલ ભરવાના નથી, તે માટે અમારે જે સહન કરવું પડશે તે ભોગવી લેવા તૈયાર છીએ.

સત્યાગ્રહનું વડું મથક નડિયાદ અનાથ આશ્રમમાં હતું. જયારે ગાંધીજી હાજર ન હોય ત્યારે વલ્લભભાઈ બધું કામ સંભાળતા. સરકારે જેટલા વધુ જોર જુલમ કર્યા તેટલી પ્રજા પણ વધુ મક્કમ થઈ. અમલદારો લોકોના ઢોર ઢાખરાના, ઘરવખરી જે હાથ પડ્યું તે જપ્તીમાં લઈ જતા.જમીન પણ જપ્ત કરતા કેટલાકની જમીન ખાલસા કરતા. ગાંધીજી અને વલ્લભભાઈ ખેડૂતોને હિમ્મત આપવા ગામે ગામ ફરતા.

ઉત્તર વિભાગના કમિશનર પ્રેટે ગાંધીજીની મદદ થી ૧૨મી એપ્રિલે નડિયાદમાં સભા યોજી. તો એમાં ૨ હજાર મુખ્ય મુખ્ય ખેડૂતો હાજર રહ્યા. કમિશનરે લોકોને મહેસુલ ભરી દેવા કહ્યું અને ધમકી પણ આપી. પ્રેટે પોતાની ધમકીનો અમલ કર્યો નહિ પણ સામેથી ઉલટું નમતું જોખ્યું. નીતિપલટાનો આ નિર્ણય પ્રેટનો પોતાનો નહતો પણ વાઈસરોય લોર્ડ ચેમ્સફર્ડના કહેવાથી કરવામાં આવ્યો હતો. કેમ કે વાઈસરોય ગાંધીને તરછોડવા તૈયાર ન હતા. ગાંધીજીને વધારે પરેશાન કરવા નહિ તેવી સુચના મુંબઈ સરકાર મારફતે પ્રેટને મોકલવામાં આવી.

ખેડા પાછા ફર્યા પછી ગાંધીજીએ એ જોયું કે ઢોર ઢાંખરા, ઘરેણાને વાસણ કુસણની જપ્તીઓ મોટા પ્રમાણમાં થઈ હતી. પણ જમીનોની જપ્તી થઈ ન હતી. પ્રેટે એપ્રિલની ૨૪ મી એ કાઢેલા હુકમની જાણકારી ન હોવા છતાં મે માસની ૧૨મી તારીખે ગાંધીજીને લડત સફળ નીવડવાની ગંધ આવી ગઈ હતી. ખેડૂતોની ખમીર અજબ હતું. મે માસની ૩ તારીખ સુધીમાં ૩૨૦૦ ખેડૂતોએ પ્રતિજ્ઞાપત્રો પર સહી કરી અને ખેડૂતોએ મહેસુલ ભરવાનો મક્કમતાથી ઈનકાર કર્યો. વલ્લભભાઈની હાજરી અને તેમના પ્રવચનોથી લોકોને મદદ મળતી હતી.

પોતાની બહાદુરીથી ખેડાની પ્રજાએ આખા હિન્દુસ્તાનનું ધ્યાન ખેંચ્યું છે. સત્ય, નિર્ભયતા, એકસંપ, દ્રઢતા અને સ્વાર્થ ત્યાગનો રસ ખેડાની પ્રજા આજે છ માસથી ચાખતી આવી છે. અમારી આશા છે કે એ મહાન ગુણોને પ્રજા વધારે ખીલાવશે વધારે આગળ ચઢશે ને માતૃભૂમિનું નામ વિશેષ ઉજવળ કરશે. અમારી દ્રઢ માન્યતા છે કે ખેડા જીલ્લાની પ્રજાએ પોતાની સ્વરાજ્યની અને સામ્રાજ્યની શુદ્ધ સેવા કરી છે.

આ લડત ગાંધીજી અને વલ્લભભાઈ બંને માટે અગત્યની હતી. ગાંધીજી માટે ગુજરાતમાં એ સત્યાગ્રહની પહેલી અને સફળ લડત હતી. ખેડાની લડતની અધવચ્ચે કરમસદની એક સભામાં ગાંધીજી બોલેલા કે, વલ્લભભાઈ જો કે હજી ભઠીમાં છે. એમણે સારી રીતે તપવાનું છે. મને લાગે છે કે એમાંથી આપણે કુંદન કાઢીશ.

આ સત્યાગ્રહના સમયથી ગાંધીજી અને વલ્લભભાઈ વચ્ચે ગુરુ-શિષ્યના સબંધોનો જે પાયો નાખ્યો તેની ઉપર ધીમે ધીમે આજીવન સબંધની આલીશાન ઈમારત રચાઈ.

**સંદર્ભસૂચી**

૧. દોશી, યશવંત, 'સરદાર પટેલનું જીવન ચરિત્ર', ભાગ-૧-૨, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૨
૨. પરીખ, નરહરિ દ્વારકાપ્રસાદ, 'સરદાર વલ્લભભાઈ', ભાગ-૧-૨, અમદાવાદ
૩. પાઠક, રામનારાયણના, સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ', અમદાવાદ, ૧૯૭૫
૪. એરિક, એરિક્સ, ગાંધીજી યુદ્ધ